SCA | SAURASHTRA Cricket Association

18, Sep 2016

Salim Durrani - Sixes on demand

**રાજકોટ ટેસ્ટ કાઉન્ટ ડાઉન** નો દુરાની નો ટેસ્ટ.. ભારતીય ક્રિકેટનું એક અદભુત પ્રકરણ, દુરાનીએ 29 ટેસ્ટની 50 ઈનિંગમાં 15 સિક્સર ફટકારી હતી, વેસ્ટઈન્ડીઝમાં પ્રથમ શ્રેણી વિજયમાં સિંહફાળો

# ટેસ્ટ મેચમાં પ્રેક્ષકોની ફરમાઈશ પર સિક્સરો ફટકારતા હતા સલીમ દુરાની

સુજિત બોઝ | રાજકોટ

1971નું વર્ષ ભારતીય ક્રિકેટના ઈતિહાસ સુવર્ણ પૃષ્ઠ સમુ છે. ભારતે વેસ્ટ ઈન્ડીઝમાં સૌ પ્રથમ વખત શ્રેણી જીતી હતી અને ઈંગ્લેન્ડને પણ તેની ધરતી પર હરાવ્યું હતું. વેસ્ટ ઈન્ડીઝ સામે શ્રેણીની પોર્ટઓફ સ્પેઈન ખાતે રમાયેલી બીજી ટેસ્ટમાં મેળવેલી ઐતિહાસિક જીતમાં જામનગરના સલીમ દુરાનીનો મહત્ત્વનો ફાળો હતો. દુરાનીએ ક્લાઈવ લોયડ અંગત 15 રને અને ગેરી સોબર્સને તો 0 રને ક્લિન બોલ્ડ કરી ભારતના જીતનો પાયો નાખ્યો હતો. સલીમ દુરાનીની ખુમારી એ હતી કે તેમને પ્રેક્ષકોની ફરમાઈશ પર સીક્સર ફટકારવાની મહારથ હાંસલ હતી. આ ઉપરાંત 1972-73ની ઈંગ્લેન્ડ સામેની ઘરઆંગણાની શ્રેણીમાં કાનપુર ખાતે રમાનારી ચોથી ટેસ્ટમાંથી દુરાનીને પડતા મુક્યા હતા ત્યારે તેમના ચાહકો ભારે ખફા થયા અને રીતસર 'નો દુરાની નો ટેસ્ટ'વાળી કરીને ટેસ્ટ નહીં રમાવા દેવાની ચીમકી આપી હતી.બોર્ડે બાદમાં ફેન્સની લાગણી સામે ઝુકવું પડ્યું. જે ભારતીય ક્રિકેટ ઈતિહાસમાં એક અદભુત પ્રકરણ તરીકે હંમેશાં યાદ રહેશે. દુરાનીની યાદગાર શ્રેણી તરીકે ઈંગ્લેન્ડ સામેની 1961-62 શ્રેણી છે. જેમા ભારતે ઘરઆંગણે ઈંગ્લેન્ડ સામે સૌ પ્રથમ વખત ટેસ્ટ શ્રેણી જીતી હતી. આ પાંચ ટેસ્ટની શ્રેણીમાં કુલ 23 વિકેટ ઝડપનાર દુરાનીએ છેલ્લી બે ટેસ્ટમાં 18 વિકટો ઝડપી વિજયમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો.દુરાની એ ચરિત્ર નામની એક હિન્દી ફીલ્મમાં પણ કામ કર્યુ હતુ.



સલિમ દુરાની

## અમે ટેસ્ટમાં ટી-20 જેવું ક્રિકેટ રમતા હતા, અત્યારના યુગને મિસ કરીએ તેવું કઇ નથી : દુરાની

હાલ 81 વર્ષની વયે પણ એક નખશીખ સ્પોર્ટ્સમેનની ખુમારી ધરાવતા સલીમ દુરાનીએ 'દિવ્ય ભાસ્કર' સાથેની ટેલિફોન પરની વાતચીતમાં કહ્યું કે , 'અમે ટેસ્ટમાં પણ ટી-20 જેવું ક્રિકેટ રમતા, એક વાત છે કે અમને આજના જેટલા પૈસા મળતા નહીં. બાકી અત્યારના ટી-20 યુગને મિસ કરીએ તેવું કઇ નથી.'વધુમાં તેમણે પોતાની જીવનની શ્રેષ્ટ પળ તરીકે ભારત વતી ટેસ્ટમાં મળેલા બ્રેક ને ગણાવી હતી.

### પિતા અબ્દુલ અઝીઝ નવાનગરની રણજી વિજેતા ટીમના ઓપનર હતા

અફઘાનિસ્તાનના કાબુલમાં 1934માં જન્મેલા સલીમ દુરાનીના પિતા અબ્દુલ અઝીઝ દુરાની જામસાહેબના કર્મચારી હતા. તેઓ નવાનગરની 1937માં રણજીટ્રોફી ચેમ્પિયન ટીમના ઓપનર તેમજ વિકેટકીપર હતા.તેઓ ભારત વતી સીકે નાયડુની કપ્તાનીમાં 1935-36માં ઓસ્ટ્રેલિયા સામેની ઇડન ગાર્ડનની અનઓફિશિયલ ટેસ્ટમેચ પણ રમ્યા હતા.

### સૌરાષ્ટ્ર વતી રમતા સૌ પ્રથમ રણજી મેચમાં સદી ફટકારી

સલીમ દુરાનીએ પોતાની ફર્સ્ટક્લાસ ક્રિકેટની શરૂઆત સૌરાષ્ટ્રની ટીમમાંથી કરી હતી. 1953-54માં ગુજરાત સામેની પોતાની સૌ પ્રથમ રણજી મેચમાં પ્રથમ ઈનિંગમાં 108 રન ફટકાર્યા હતા. તેમણે કુલ 170 ફર્સ્ટ ક્લાસ મેચમાં 8545 રન્સ અને 484 વિકેટ્સ ઝડપી હતી.

### વિશ્વ ક્રિકેટ વર્તુળમાં 'પ્રિન્સ સલીમ'ના નામે જાણીતા દુરાની સિક્સરના બાદશાહ હતા

જ્યારે લિમિટેડ ઓવરની ગેમ્સ ન હતી અને ફક્ત ટેસ્ટ ક્રિકેટ રમાતું ત્યારે પ્રિન્સ સલીમના નામે જાણીતા દુરાની સિક્સરના બાદશાહ ગણાતા. ટેસ્ટ મેચોમાં સાવ ધીમા બેટિંગના યુગમાં સિક્સર માટે પ્રેક્ષકો તરસી જતા. દુરાનીએ 29 ટેસ્ટમાં કુલ 50 ઈનિંગ રમી છે. જેમાં 15 સિક્સરો ફટકારી છે. જે પૈકીની અડધા ઉપરની સિક્સરો પ્રેક્ષકોની ફરમાઈશ પર ફટકારી હશે. તેમના કુલ ટેસ્ટ રન 1202 અને વિકેટ્સ 75 છે.

Courtesy: Divya Bhaskar